## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બુલેટ ટ્રેઈનથી સમય બચશે એ સાચું... પણ એ તો કોઈ નથી કહેતા કે એ સમયનું કરવાનું શું...???

# રસ્તાઓ પર પડેલા ખાડાનું મેટલીંગ કરી સમતળ કરવા ડીડીઓની સૂચના

ગાંધીનગર, તા. ૨

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ જે તુટી ગયા છે અને ખાડા પડી ગયા છે તેને તાત્કાલિક દુરસ્ત કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ સૂચના આપી છે.

માર્ગો પર જે ખાડાઓ પડી ગયા છે તેને કારણે વાહન વ્યવહાર પર અસર પડી રહી છે. ત્રણ વર્ષ દરમ્યાન રસ્તા તુટી જાય તો કોન્ટ્રાક્ટરે જ તેના ખર્ચે રિપેર કરવાના હોય છે તેનો અમલ કરાવવો જોઈએ તેવી સામાન્ય સભામાં સભ્યોએ ઉગ્રતાથી રજુઆત કરી હતી.

જિલ્લામાં ૭૬ રસ્તાઓને થયેલા નુકશાન અંગેનો અહેવાલ તૈયાર કરી સરકારની મંજૂરી માટે મોકલવામાં આવેલ છે. જે ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી દુરસ્તીનું કામ હાથ ધરાશે.

આ સિવાયના રસ્તાઓ જે પરિવહન માટે મુશ્કેલ બન્યા છે તેનુ કામ ખાડા પૂરી અને મેટલીંગ કરી સમથળ કરવાની સભ્યોની માંગણી સાથે સહમત થતાં જિલ્લા વિકાસ અધિકારીએ આ અંગેની સૂચના આપી હતી.

રસ્તાઓના નબળા બાંધકામને લઈ પણ ઉપપ્રમુખ ભરત પટેલ સહિતના સભ્યોએ ઉગ્ર રોષની લાગણી વ્યક્ત કરી હતી.

# હજુ ૧ ૩મી સુધી વરસાદ

## અવારનવાર વરસાદી ઝાપટા પડશે : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૨

હાલમાં ઓગષ્ટ માસ પછી પણ સપ્ટેમ્બરમાં વરસાદ કે વરસાદી ઝાપટા પડી રહ્યા છે. ભૌગોલિક બાબતો ગ્રહો તેમજ અન્ય આધારે જોતા હજુ પણ વરસાદી ઝાપટાની વકી રહે.

ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદને કારણે હજુ કેટલાક ભાગોમાં સારી વરાપ પણ થવામાં નથી હવે દિવેલાનું વાવેતર થવામાં છે ત્યારે પણ વરસાદ ચાલુ છે. આ વરસાદથી કપાસના પાકને નુકશાન થઈ શકે. પરંતુ સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં પાછોતર વરસાદથી મગફળી જેવા પાકોને ફાયદો થયેલ છે. વધુ વરસાદ અંગે જોતા આ વરસાદથી ભેજ ટકતાં રવિપાકો માટે સારૂ રહે. પાછોતર વરસાદ થાય તો ભાલ જેવા ભાગોમાં બિન પીયત ઘઉ અને ચણા થઈ શકે જ્યારે કેટલાક ભાગોમાં સરસવ જેવા પાક પણ થઈ શકે. ઉભા કૃષિ પાકોમાં હાલ તો વરસાદ સારો ગણાતો નથી. વરાપામાં આંતર ખેડ કરવામાં આવે તો કૃષિ પાકો સડી જવાની ધાસ્તી રહે છે. પરંતુ તા. ૧૩મી સપ્ટેમ્બરથી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં સૂર્ય આવતા ઉતરતુ પાણી સારૂ ગણાય છે. આ વખતે નીંગળતા પાકમાં થોડો વરસાદ સારો રહેતો હોય છે. વરસાદ કે વરસાદી ઝાપટાં સપ્ટેમ્બર તા. ૭ સુધીમાં રહેવાની શક્યતા રહે. પંજાબ, ચંદીગઢ, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાનના ભાગો, કચ્છના ભાગો તેમજ ગુજરાતના ભાગોમાં વરસાદી ઝાપટાંની શક્યતા રહે. તા. ૯ થી ૧૧માં પવન રહે. સપ્ટેમ્બર ઓક્ટોબર માસમાં દરિયા કિનારે ભારે પવન ફૂંકાવાની શક્યતા રહે અને હવાના દબાણથી વરસાદ થવાની શક્યતા રહે. સપ્ટેમ્બર તા. ૧૫મીથી ૧૯ અને નવરાત્રીમાં તા. ૨૫ સુધીમાં કોઈ કોઈ જગ્યાએ વરસાદના ઝાપટાંની વકી રહે. વરસાદ ગાજવીજ સાથે થાય.

આ આગાહી માત્ર સંભાવના જ છે. વરસાદનો દોર કુદરતના હાથમાં છે, ઉત્પાત સંબંધી આગાહી નથી. પરંતુ કૃષિલક્ષી વરસાદના પાણીને અનુલક્ષીને પરંપરાગત જ્ઞાન અત્રે જણાવેલ છે.

# દેશનાં રાષ્ટ્રપતિનું આજે ગાંધીનગરમાં રાત્રી રોકાણ

## રામનાથ કોવિંદ બે દિવસનાં ગુજરાત પ્રવાસે : રાજભવનમાં રોકાણને પગલે પાટનગરમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨

દેશનાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ આવતી કાલે ૩ સપ્ટેમ્બરથી બે દિવસ ગુજરાત પ્રવાસે આવનાર છે. આવતી કાલે મોડીસાંજે અમદાવાદ એરપોર્ટ પર આગમન બાદ ગાંધીનગર રાજભવન ખાતે તેમનું રાત્રી રોકાણ છે. બીજે દિવસે વહેલી સવારે રાષ્ટ્રપતિ હેલીકોપ્ટર મારફતે તેમના અન્ય કાર્યક્રમ સ્થળે પહોંચવા ગાંધીનગરથી નીકળી જશે. પાટનગરમાં રાષ્ટ્રપતિનાં રાત્રી રોકાણને પગલે જીલ્લા પોલીસ વડાનાં સુપરવીઝન હેઠળ કડક સુરક્ષા વ્યવસ્થા માટે લોખંડી બંદોબસ્ત તૈનાત રહેશે.

ગુજરાતનાં પ્રવાસે આવી રહેલા દેશનાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આવતીકાલે રવિવારે રાત્રી રોકાણ ગુજરાતનાં પાટનગર ગાંધીનગર ખાતે રાજભવનમાં કરશે. રવિવારે મોડી સાંજે હવાઈ માર્ગે ગુજરાત આવ્યા બાદ રાષ્ટ્રપતિ બાય રોડ ગાંધીનગર આવશે. ડીનર અને રાત્રી રોકાણ રાજભવન ખાતે કરી વહેલી સવારે હેલીકોપ્ટર મારફતે આગામી કાર્યક્રમ મુજબ ગાંધીનગરથી વિદાય લેશે. રાષ્ટ્રપતિના એરપોર્ટથી રાજભવન આગમન અને રાત્રી રોકાણનાં કાર્યક્રમને પગલે ગાંધીનગર જીલ્લા પોલીસ વડાનાં સુપરવિઝન હેઠળ તેમની સલામતિ અને સુરક્ષા માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ૩ ડી.વાય.એસ.પી, ૪ પી.આઈ, ૧૫ પી.એસ.આઈ, ૧૧૦ પોલીસ, ૨૦ મહિલા પોલીસ અને ૨૦ ટ્રાફીક પોલીસ રાષ્ટ્રપતિની સલામતી માટે સુરક્ષા બંદોબસ્તમાં ખડેપગે રહેશે.

# ચિલોડા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે સન્માન-અભિવાદન કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨

તાલુકાના ચિલોડા મોટા ખાતે સેવા કેન્દ્રના હોલમાં રાષ્ટ્રપતિ પોલીસ પ્રાસંગિક પ્રવચનમાં મેડલ વિજેતા પીઆઈ વાઘેલાએ પોતાની પ્રસંશનીય કામગીરી અંગે હતુ. આ વિદેશ સેવાયાત્રાથી પરત ફરતા તેમનો સ્વાગત સમારોહ યોજાયો હતો. જેમાં તેમનું ભવ્ય



મેડલ વિજેતા ચિલોડા પોલીસ સ્ટેશનના પીઆઈ એલ.ડી. વાઘેલાનો સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રથમ તબક્કામાં પીઆઈ વાઘેલાનું ભવ્ય સન્માન મહાનુભાવોના હસ્તે તિલક, પુષ્પગુચ્છ, હાર પહેરાવીને, શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પી.આઈ. વાઘેલાની પ્રસંશનીય કામગીરીને બિરદાવીને ગૌરવ અપાવવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ત્યારબાદ માહિતગાર કર્યા હતા. ત્યારબાદ બીજા તબક્કામાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયની મુખ્ય સંચાલિકા રાજયોગીની કૈલાસદીદી, ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગીની તારાદીદી, બી.કે. રાજુભાઈ, બી.કે. સંદિપભાઈ, રાજયોગિની રંજનદીદી વગેરે મહાનુભાવો ૨૫ દિવસના ૪ દેશો મલેશિયા, બર્મા, બેંગકોક, થાઈલેન્ડ, શિંગાપુર વગેરે વિદેશમાં જઈ સેવાકાર્ય કરવાનું બીડુ ઝડપ્યુ ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. બાલિકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ બંને પ્રસંગો ભવ્ય રીતે ઉષ્માભર્યા અને ઉમંગભેર ઉજવણી કરતા હર્ષોલ્લાસભર્યા માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે ચિલોડા, પાલજ, પ્રાંતિયા, આલમપુર, દશેલા, જાખોરા, મગોડી ગામોના ભાવિક ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો.

# વાયણામાં વર્ગખંડ તોડી પાડયા પછી નવા વર્ગખંડ બાંધવામાં તંત્ર ઉદાસીન છે : ઠાકોર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વાયણા ગામે પ્રા. શાળાના ઓરડાઓ તોડી નાખે છ માસથી વધુ સમય થઈ ગયો પણ નવા ઓરડા બનાવવાની કામગીરી આજ સુધી શરૂ ન થતાં આ ગામે શાળા બે પાળીમાં અને બે રૂમમાં ૧ થી ૮ના વર્ગો ચાલે છે.

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ મુદ્દો રજુ કરી જણાવ્યું હતું કે ૧૦૦ ટકા બક્ષીપંચની વસ્તી ધરાવતુ ગામ હોવાથી તંત્ર દ્વારા તે અંગે ઉદાસીન વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

વર્ગખંડો તોડી પાડવાની મંજૂરી આપી ત્યારે જ નવા વર્ગખંડો બનાવવાની મંજૂરી આપવામાં આવી જ હોય પણ આ માટે તંત્રનું ઉદાસીન વલણ જ જવાબદાર લેખી શકાય.

ધારાસભ્ય બળદેવજી ઠાકોરને જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઈએ ગંભીરતાથી લઈ આ મુદ્દે તાત્કાલિક સ્થળ સ્થિતિનો અહેવાલ રજુ કરવા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને જણાવ્યું હતું.

આ બેઠકમાં વાવોલના સભ્ય જવસિંહ ચારેલે પણ પુન્દ્રાસણ ગામની શાળાના જર્જરિત ઓરડાઓનો મુદ્દો ઉપસ્થિત કરી બાળકોની સલામતિ માટે તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

રાયસણ પ્રાથમિક શાળાના ૪ ઓરડા નવા બનાવવાનો મુદ્દો પ્રશ્નોત્તરીમાં બેચરજી ઠાકોરે રજુ કર્યો હતો. જેના જવાબમાં શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે રાયસણ પ્રા. શાળામાં ૨૨૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાનું મંજૂર મહેકમ ૯ શિક્ષકનું છે. શાળામાં હાલ ૫ ઓરડા ઉપલબ્ધ છે. રાયસણ શાળામાં તા. ૭-૪-૧૭ની તા.પ્રા.શિ. અધિ.શ્રીની દરખાસ્ત પ્રમાણે ૪ ઓરડા નોન યુઝ કરેલ છે.

એન્જીનીયરના સર્વે મુજબ હાલ નીચેના ૪ ઓરડા સારી સ્થિતિમાં હોઈ સક્ષમ એન્જીનીયરે સદરહુ ઓરડા વપરાશલાયક હોય તેવું પ્રમાણિત કરેલ છે. જેથી ૪ નવા વર્ગખંડ બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાયસણના ૪ વર્ગખંડો વપરાશ લાયક છે : તંત્ર પુન્દ્રાસણના જર્જરિત વર્ગખંડોની મરામત કરો : ચારેલ

# ભાદરવી પૂનમ પ્રસંગે અમદાવાદનો મા અંબા સેવા કેમ્પ લાઈવ રેકોર્ડ પ્રસ્થાપિત કરશે

અમદાવાદ, તા. ૨

ભાદરવી પૂનમના મેળા માટે અંબાજી જતા પગપાળા સંઘોની સેવાના ધ્યેય સાથે અમદાવાદમાં મા અંબા સેવા કેમ્પના બેનર હેઠળ મુકવામાં આવશે.

મા અંબા સેવા કેમ્પના આયોજક ભુપેન્દ્રભાઈ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે મુ. ચાડા ખાતે શંકર ભગવાનનું સાથે સાથે મા અંબા સેવા ટ્રસ્ટ દ્વારા કરાતો આ ભંડારો વિશ્વનો સૌથી મોટા ભંડારા તરીકે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડના સ્થાન પામી ચુક્યું છે.




સેવાભાવી કાર્યકરોનું એક ગ્રુપ ૧૨ વર્ષથી પદયાત્રીઓની સેવા અવિરતપણે કરતું આવી રહ્યું છે. અને આ વર્ષે સંસ્થાની સેવા પ્રવૃત્તિઓ ૧૩માં વર્ષમાં પ્રવેશી રહી છે. આ પ્રસંગે સંસ્થા દ્વારા તાજેતરમાં દુબઈ ખાતે માતાજીના મંદિરને ૧૭૦૮ ફૂટ લાંબી સિલ્કની ધજા અર્પણ કરાઈ હતી તેને દર્શનાથ માટે ખુલ્લી શીવલીંગ બનાવ્યું છે. જે ૧૧ થી ૧૨ ફૂટ જેટલુ છે જેને આજે ઈન્ડિયા બુક અને એશિયા બુકની ગોલ્ડન બુકમાં નોંધાવાશે સાથે સાથે ૨૫૧ દિવડાની મહાઆરતી ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગે કરવામાં આવી હતી. જેનો ઈન્ડિયાના બુક ઓફ રેકોર્ડ એશિયા બુક ઓફ રેકર્ડમાં સ્થાન મળ્યુ છે. તેને હવે ગોલ્ડન બુકમાં રેકોર્ડ કરવાની કાર્યવાહી પણ આજે થનાર છે. આ ઉપરાંત તાજેતરમાં દુબી ખાતે ૧૭૦૮ ફૂટની લાંબી સિલ્કની ધજા અર્પણ કરાઈ હતી અને જેનો રેકોર્ડ પ્રસ્થાપિત કરાયો છે તે માતાજીની ધજા ભાવિક ભક્તોના દર્શનાર્થે ખુલ્લી મુકવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે મા અંબા સેવા ટ્રસ્ટ દ્વારા એપ્રિલ ૨૦૧૭માં આઈ પાવર વર્લ્ડ વંડર ક્લબ લી.ની સ્થાપના કરાઈ છે. આ પ્રથમ ક્લબ દેશમાં હશે કે જે ધાર્મિક ક્લબ હશે આ ક્લબની સ્થાપનાનો ઉદ્દેશ અલગ અલગ દેશોમાં ધાર્મિક રેકોર્ડ બનાવવાનો છે.

આ વિશ્વની પ્રથમ હેરિટેજ ક્લબ બની છે. વધુમાં જણાવ્યું હતું કે અમારી ધાર્મિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને અત્યાર સુધીમાં ૧૧ એવોર્ડ મળ્યા છે જેમાં ગ્રીનીશ બુક ઓફ રેકર્ડ-૧ ઈન્ડિયા બુક ઓફ રેકર્ડ-૪, ગોલ્ડન બુક ઓફ રેકર્ડ-૨ સહિત એશિયા બુક ઓફ રેકર્ડના ૪ એવોર્ડનો સમાવેશ થાય છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસના પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા.૪થી સપ્ટેમ્બરના રોજ સાંજે પાંચ વાગે સે-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે કાર્યકારી પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષ સ્થાને યોજાશે. સંસ્થાના સભ્યો પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યોને બેઠકમાં હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવ્યું છે.




# ભાદરવી પૂનમના મેળામાં અંબાજી ખાતે ૧૧ લાખથી વધુ ભકતોએ દર્શનનો લાભ લીધો

ગાંધીનગર, તા. ૨

પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાનો શુભારંભ થઈ ગયો છે. જેમ જેમ પૂનમ નજીક આવતી જાય છે તેમ તેમ અંબાજી ખાતે માતાજીના ભકતોનો પ્રવાહ સતત વધી રહ્યો છે.

સમગ્ર રાજયમાંથી ચાલતા જતા ભકતો અંબાજી ખાતે પહોંચીને માતાજીના દર્શનનો લ્હાવો મેળવી ધન્યતા અનુભવી રહ્યા છે. ત્યારે અંબાજી ખાતે વહીવટી તંત્ર દ્વારા પણ વ્યવસ્થા સઘન બનાવાઈ છે. અત્યારે હાલના સમયે તો અંબાજી ધામ ભકતોના માનવ મહેરામણથી છલકાઈ રહયું છે. સ્વાઈન ફલુના પગલે ખાસ મેડીકલ સેવાની પણ વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. અંબાજી ખાતે મેળાના પ્રથમ દિવસે તા.૩૧ ઓગસ્ટના રોજ ૧.૮૯.૭૮૦, બીજા દિવસે ૩.૫૭.૩૮૫ તેમજ આજે ૫.૬૫.૩૩૫ સહિત કુલ. ૧૧.૧૨.૫૦૦ ભકતોએ માતાજીના દર્શનનો લાભ લીધો છે. જયારે અત્યાર સુધીમાં આવેલા ભકતોમાં ૯૦.૦૫૦ ભકતોએ સ્વાઈન ફલુ સામે રોગ પ્રતિકારક શકિત વધારતો આર્યુવેદિક ઉકાળો પીધો છે. જયારે પ્રથમ દિવસે માતાજીના પ્રસાદીના પેકેટ ૧.૮૫.૭૦૦, બીજા દિવસે ૨.૪૭.૯૦૦ તેમજ આજે ૫૦.૩૪.૦૩ મળીને કુલ ૯૩.૭૦૦૩ પેકેટ વિતરણ કરવામાં આવ્યા છે. અંબાજી ખાતે માતાજીના દર્શન કરીને ભોજન પ્રસાદ કરનાર યાત્રીકોની સંખ્યા ૧.૪૦.૦૧૨ છે. ભાદરવી પૂનમના ભંડાર, ધાર્મિક સાહિત્ય તેમજ પાંચ હજાર ભેટ કાઉન્ટર પર દાન મળેલ રકમ કુલ ૭૭.૩૦.૫૪૫ છે. ભકતો દ્વારા માતાજીને ૩૬.૧૯૦ સોનુ અર્પણ કરાયુ છે. ઉડનખટોલમાં જઈને ગબ્બર પર માતાજીના દર્શન કરનાર ભકતોની સંખ્યા પંદર હજાર જેટલી થવા પામે છે. જયારે અંબાજીથી બસમાં મુસાફરી કરેલ યાત્રાળુઓની સંખ્યા ૧.૨૬.૦૮૧ છે ઉપરાંત એસટી બસની કુલ ૩૮૪૬ ટ્રીપો અત્યાર સુધી મારવામાં આવી છે.

રાજયભરમાંથી ચાલતા આવતા પદયાત્રીકો દ્વારા પ્રથમ દિવસે ૩૫૦, બીજા દિવસે ૪૭૦ અને ત્રીજા દિવસે ૯૫૭ ધજા રોહણ કરવામાં આવી છે. જયારે મેળાની કુલ આવક ૧.૭૬.૭૬.૩૯૪ થઈ છે. આગામી સમયમાં પણ ભકતોનો પ્રવાહ અંબાજી ખાતે અવિરત ચાલુ છે. ભાદરવી પૂનમના દર્શન કરીને ભકતો ધન્યતા અનુભવે છે. ત્યારે માતાજીના દર્શન માટે આગામી સમયમાં લાખો ભકતો અંબાજી ધામ ખાતે પહોંચશે.



## ચિલોડામાં જલઝલણી અગિયારસ નિમિત્તે ભગવાનની ઘેર ઘેર પધરામણી

તાલુકાના ચિલોડા ગામે તાજેતરમાં ભાદરવા સુદ માસમાં દર વર્ષે જગત જનની જગદંબા-અંબાજી માતાના દર્શનાર્થે જતા યાત્રાસંઘનું ચિલોડા ગામના ચોકથી ભવ્ય રીતે વાજતે ગાજતે પ્રસ્થાન કરાયું હતું. ત્યાર બાદ ગણેશ ચતુર્થી નિમિત્તે ગામમાં શ્રીજીનું ભવ્ય રીતે સ્થાપન કરી પૂજા-અર્ચના-આરતીનો કાર્યક્રમ નિત્યક્રમે યોજી ભક્તિનો માહોલથી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ ચિલોડા ગામના રામજી મંદિરની દર વર્ષની પરંપરા મુજબ જલ ઝલણી અગિયારસે નીકળતા ભગવાનની પાલખી દ્વારા ઘેર ઘેર પધરામણી વાજતે ગાજતે ભક્તોજનો શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતિક સમા પવિત્ર પર્વને માણવા તત્પર બન્યા હતા. આ ભગવાનની પધરામણીમાં ભક્તજનોએ આરતીનો લહાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# રાજ્યમાં સ્વાઈન ફલુનો કહેર યથાવત

## વધુ આઠ દર્દીનો ભોગ લેવાયો : અમદાવાદ સહિત રાજયમાં સ્વાઇન ફલુનો કુલ મૃત્યુઆંક ૩૬૬ને આંબી ગયો : સ્વાઇન ફલુના કુલ ૫૩૭૨ કેસો

ગાંધીનગર, તા. ૨

રાજયમાં સ્વાઈન ફલુની પરિસ્થિતિ ભયાનક અને ચિંતાજનક બની ગઈ છે, રોજેરોજ મૃત્યુઆંક અને સ્વાઈન ફુલ પોઝીટીવના કેસો ખતરનાક રીતે વધી રહ્યા છે તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફુલની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફલુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સ્વાઈન ફલુના કારણે વધુ આઠ દર્દીઓના મોત નીપજયા છે, જયારે સ્વાઈન ફલુ પોઝીટીવના અંદાજે ૧૫૨થી વધુ નવા કેસો નોંધાયા છે. સ્વાઈન ફલુના કારણ આજે રાજયમાં સૌથી વધુ મૃત્યુ અમદાવાદમાં ચાર અને સૌરાષ્ટ્રમાં ત્રણ દર્દીઓના મોત નોંધાયા હતા. જયારે વડોદરામાં એક યુવકનું મોત નોંધાયું હતું. આ સાથે જ રાજયભરમાં સ્વાઈન ફલુના કારણે કુલ મૃત્યુઆંક ૩૬૬ ને આંબી ગયો છે. સ્વાઈન ફલુના કારણે અમદાવાદમાં આજે ચાર દર્દીઓના મોત ઉપરાંત સૌરાષ્ટ્ર પંથકમાં જામનગર, ગીર-સોમનાથ અને જેતપુરની મળી કુલ ત્રણ મહિલાઓએ સ્વાઈન ફલુના કારણે જીવ ગુમાવ્યો હતો. શહેર સહિત રાજયભરમાં સ્વાઈન ફલુના કુલ ૫૩૭૨ કેસો નોંધાયા છે. રાજયમાં સ્વાઈન ફલુના કારણે અત્યારસુધીમાં સૌથી વધુ ૧૦૧થી વધુ દર્દીઓના મોત રાજકોટ-સૌરાષ્ટ્રમાં નોંધાયા છે. આ સિવાય અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, કચ્છ-ભુજ સહિતના વિસ્તારોમાં પણ સ્વાઈન ફલુના ભરડામાં સંખ્યાબંધ લોકો હોમાયા છે. અત્યારસુધીનો કુલ મૃત્યુઆંક ૩૬૬ સુધી પહોંચી ગયો છે. ખુદ સરકારી તંત્રના દાવા મુજબ, રાજયભરમાં સ્વાઈન ફુલને લઈ હાથ ધરાયેલા સર્વેક્ષણમાં અત્યારસુધીમાં શંકાસ્પદ જણાતાં હજારો વ્યકિતઓને પ્રોફાઈલેકટીક સારવાર હેઠળ આવરી લેવાયા છે. રાજયમાં હાલ સ્વાઈન ફલુના સેંકડો દર્દીઓ વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેપૈકી ૨૦ દર્દીઓ વેન્ટીલેટર પર છે. દરમ્યાન સરકારના દાવા મુજબ, સરકાર અને મહાનગરપાલિકા સત્તાવાળાઓ દ્વારા રાજયની વિવિધ સરકારી હોસ્પિટલોમાં સ્વાઈન ફુલના રક્ષણ માટે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ થઈ રહ્યું છે.

## રૂપાલના અગ્રણી બલવંતરાય શુકલનુ અવસાન

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામના અગ્રણી બલવંતરાય શાંતિલાલ શુકલનુ ટુંકી માંદગીથી અવસાન થયુ છે. રૂપાલ ગુજરાતી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ઉમદા ફરજ બજાવી નિવૃત જીવન ગાળતા સ્વ બલવંતરાય શુકલ અગાઉ દંઢાવ્ય સત્તાવીશ બ્રાહ્મણ સમાજના પણ પ્રમુખ તરીકે પણ સેવા આપી સમાજમાં આગવુ યોગદાન આપ્યુ હતુ. તેમના અવસાનથી પુત્ર કનૈયાલાલ શુકલ, નિકેશ શુકલ સહીત પરિવારજનો તેમજ ગ્રામજનોમાં શોકની લાગણી વ્યાપી છે. સદગતનુ બેસણુ તા ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રૂપાલમાં ગ્રામ પંચાયત સામે મોટારામજી મંદિરની વાડીમાં રાખવામાં આવ્યુ છે.